"Let noble thoughts come to us from every side - Rigveda, 1-89-I"

Bharatiya Vidya Bhavan's
Vallabhram Mehta Public School
(Vidyashram) Vadodara

FEE STRUCTURE FOR THE ACADEMIC YEAR 2026-27 AS PER FRC
ORDER NO: **125/24-25/VD-108/2024-25 DATED : 18/09/2025**

**Class : Nursery, KG -I & KG II ( Section: Pri-Primary)**

| | Qtr. 1 | Qtr. 2 | Qtr. 3 | Qtr. 4 |
|---|---|---|---|---|
| Tuition Fee | ₹ 13,506.00 | ₹ 13,505.00 | ₹ 13,506.00 | ₹ 13,505.00 |
| Allied Activity Fee (Optional) | - | ₹ 900.00 | ₹ 900.00 | ₹ 900.00 |
| Canteen Fee (Optional) | ₹1600 / per month | | | |

**Class : I to VIII, ( Section: Primary & Upper Primary )**

| | Qtr. 1 | Qtr. 2 | Qtr. 3 | Qtr. 4 |
|---|---|---|---|---|
| Tuition Fee | ₹ 14,608.00 | ₹ 14,608.00 | ₹ 14,608.00 | ₹ 14,608.00 |
| Allied Activity Fee (Optional) | - | ₹ 900.00 | ₹ 900.00 | ₹ 900.00 |
| Canteen Fee (Optional) | ₹1600 / per month | | | |

**Class : IX & X , ( Section: Secondary)**

| | Qtr. 1 | Qtr. 2 | Qtr. 3 | Qtr. 4 |
|---|---|---|---|---|
| Tuition Fee | ₹ 15,380.00 | ₹ 15,380.00 | ₹ 15,380.00 | ₹ 15,379.00 |
| Allied Activity Fee (Optional) | - | ₹ 900.00 | ₹ 900.00 | ₹ 900.00 |
| Canteen Fee (Optional) | ₹1600 / per month | | | |

**Class :XI & XII General Stream, ( Section: Higher Secondary)**

| | Qtr. 1 | Qtr. 2 | Qtr. 3 | Qtr. 4 |
|---|---|---|---|---|
| Tuition Fee | ₹ 15,380.00 | ₹ 15,380.00 | ₹ 15,380.00 | ₹ 15,379.00 |
| Allied Activity Fee (Optional) | - | ₹ 900.00 | ₹ 900.00 | ₹ 900.00 |
| Canteen Fee (Optional) | ₹1600 / per month | | | |

**Class : XI & XII Sciencel Stream, ( Section: Higher Secondary)**

| | Qtr. 1 | Qtr. 2 | Qtr. 3 | Qtr. 4 |
|---|---|---|---|---|
| Tuition Fee | ₹ 16,813.00 | ₹ 16,813.00 | ₹ 16,813.00 | ₹ 16,813.00 |
| Allied Activity Fee (Optional) | - | ₹ 900.00 | ₹ 900.00 | ₹ 900.00 |
| Canteen Fee (Optional) | ₹1600 / per month | | | |

I/C Principal

Hon. Secretary

K. M. Munshi Marg, Teen Rasta, Makarpura Road, Vadodara-390 009 Gujarat (India)
Phone : +91-0265 2635032, 7405015586 Fax : 0265 2635675

CBSE AFFILIATION 430002 | MEMBER OF IPSC | MEMBER OF NPSC
www.bhavansbaroda.org
info@bhavansbaroda.org

INDIAN PUBLIC SCHOOLS' CONFERENCE

BRITISH COUNCIL INTERNATIONAL SCHOOL AWARD 2017-2020

ક્રમાંક/FRC/૨૦૨૫/૪૮૦૨-૦૨ [1]
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા. ૨૨/૯/૨૦૨૫



# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise- 24191 300625 વડોદરા રીવ્યુ અરજી નં.૧૨૫/૨૪-૨૫ દરખાસ્ત નં.VD-૧૦૮/૨૦૨૪-૨૫.
E-mail : info@bhavansbaroda.org તા.૧૮-૦૯-૨૦૨૫.

<u>અરજદાર શાળા</u> :- ભારતીય વિદ્યા ભવન્સ વલ્લભરામ મહેતા પબ્લીક સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), કુલપતિ કે.એમ. મુન્શી માર્ગ, તીન રસ્તા, મકરપુરા રોડ, જી.વડોદરા-૩૯૦૦૦૯.

<u>વિષય</u> :- સને-૨૦૨૪-૨૫ થી સને-૨૦૨૬-૨૭ પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક જનરલ અને સાયન્સની ફી વધારા માટેની દરખાસ્ત.

<u>અનુસંધાન</u> :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) દરખાસ્ત સાથે રજૂ કરેલ પેપર્સ.
(૪) તા.૦૪-૦૯-૨૦૨૫ની સુનાવણી દરમિયાન રૂબરૂ રજૂઆત.

## -:: <u>સુનાવણી હુકમ</u> ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજૂ કરી છે. જે દરખાસ્ત નં:-VD-૧૦૮/૨૦૨૪-૨૫ સંબંધે ફી નિયમન સમિતિ દ્વારા તા:-૦૪/૧૨/૨૦૨૪નાં રોજ રજૂ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લઇ નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ.

## // <u>હુ ક મ</u> //

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા ૨૦૨૪-૨૫. | સૂચિત ફીની માંગણી ૨૦૨૪-૨૫. | ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી. ૨૦૨૪-૨૫. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૧૨૦ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૮,૨૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૧૧૮ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૮,૨૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૧૧૬ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૮,૨૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | ૧૫૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૨,૨૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૨,૨૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૨,૨૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | ૧૬૫ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૨,૨૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૮) | ૫ | અંગ્રેજી | ૧૭૦ | રૂ.૫૪,૬૦૦/- | રૂ.૫૨,૨૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | ૧૭૦ | રૂ.૫૪,૬૦૦/- | રૂ.૫૨,૨૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | ૧૬૫ | રૂ.૫૪,૬૦૦/- | રૂ.૫૨,૨૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | ૧૬૫ | રૂ.૫૪,૬૦૦/- | રૂ.૫૨,૨૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | ૧૬૦ | રૂ.૫૭,૪૦૦/- | રૂ.૫૫,૦૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | ૧૪૯ | રૂ.૫૭,૪૦૦/- | રૂ.૫૫,૦૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | ૭૦ | રૂ.૫૭,૪૦૦/- | રૂ.૫૫,૦૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | ૬૨ | રૂ.૫૭,૪૦૦/- | રૂ.૫૫,૦૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | ૭૦ | રૂ.૬૩,૦૦૦/- | રૂ.૬૦,૨૦૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | ૭૧ | રૂ.૬૩,૦૦૦/- | રૂ.૬૦,૨૦૦/- |

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૪-૨૫ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૨) શાળાએ ઉપરોકત આદેશથી સંતોષ ના હોઇ ફી નિયમન સમિતિ સમક્ષ હાલની રીવ્યુ અરજી દાખલ કરેલ છે. જે રીવ્યુ અરજી નં.૧૨૫/૨૦૨૪-૨૫ તા.03/03/૨૦૨૫ના રોજથી રજીસ્ટ્રર્ડ કરવામાં આવેલ છે. રીવ્યુ અરજીના કામે શાળાને નોટીસ કાઢી સુનાવણી રાખવામાં આવેલ જેમાં તા.૦૪/૦૯/૨૦૨૫ના રોજ શાળાના પ્રતિનિધિ હાજર રહેલ છે.

(૩) સુનાવણી દરમિયાન શાળાએ લેખીત તથા મૌખીક રજૂઆત કરેલ છે. તેમજ દસ્તાવેજો રજૂ રાખેલ છે. શાળા તરફે રજૂઆત કરેલ છે. શાળાનું CBSE બોર્ડ હોય બોર્ડના નિયમો મુજબ શાળાને વિદ્યાર્થી દીઠ ખર્ચ વધુ આવે છે. વધુમાં નવી શિક્ષણ નીતી અન્વયેનું ગુણવત્તા સભર શિક્ષણ આપવાંમાં પણ શાળાને વિશિષ્ટ સગવડો વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને પુરી પાડવી પડે છે. તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે શાળાએ વધારાની પ્રવૃત્તીઓ કરવાની થાય છે. વધુમાં સ્કૂલ તરફે ચાર્ટડ એકાઉન્ટન્ટ હાજર રહેલ છે અને નવેસરથી સને ૨૦૨૩-૨૪ના હિસાબો ધ્યાને લઇ ફરીથી ગણતરી કરી ફી નિર્ધારીત કરવા દલીલ કરેલ છે. તેમજ સુનાવણીના અંતે શાળાએ લેખીતમાં સંમતી આપી તે મુજબ ફી નિર્ધારીત કરીઆપવા સારૂ વિનંતી કરેલ છે.

(૪) શાળાએ સને ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ પછીના વર્ષના ઓડીટેડ હિસાબ રજૂ કરેલ નથી. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૧૨,૦૯,૦૮,૬૯૯/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૧૨,૧૧,૫૭,૨૩૮/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૨,૪૮,૫૩૯/-ની ખોટ દર્શાવેલ છે. શાળાના આ હિસાબો ચાર્ટડ એકાઉન્ટન્ટ ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. તેમાં અગાઉ વચગાળાના આદેશ કરતી વખતે જે ખર્ચનો સંપૂર્ણ માન્ય ખર્ચમાં સમાવેશ કરવામાં આવેલ નહી. તે પૈકી મળવાપાત્ર પરચુરણ ખર્ચાઓ ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ રૂબરૂની રજૂઆતમાં જણાવ્યા મુજબ શાળાની જરજરીત હાલત તેમજ ફ્યુચર ડેવલપમેન્ટ અગત્યતાના ધોરણે કરવુ પડે તેમ છે. અને શાળાએ રજૂ કરેલ હિસાબો તથા રજૂ કરેલ પેપર્સ જોતા અને શાળાને તેનું વ્યાજબી વળતર મળવુ જોઇએ તેમજ શાળા CBSE બોર્ડ ધરાવતી હોઇ અને નવી શિક્ષણ નીતી અન્વયે શાળાએ વિદ્યાર્થીઓની વધુ સગવડ આપવાની થાય છે. શાળાએ રજૂ કરેલ મિલ્કત સંબંધીત દસ્તાવેજો સભ્યશ્રી સીવીલ એન્જીનીયર ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. વધુમાં સરકારશ્રી દ્વારા આર.ટી.ઇ. અન્વયેના વિદ્યાર્થીઓ શાળાને ફાળવવામાં આવેલ છે. અને સુનાવણીના અંતે શાળાની રજૂઆત વ્યાજબી જણાતા શાળા લેખીત સંમતી મુજબ પ્રિ.પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક જનરલ અને સાયન્સ વિભાગમાં રૂ.૮૦૦/- સુધી શાળાને વચગાળાના આદેશમાં ફેરફાર કરી વધારો કરી આપવાનું ફી નિયમન સમિતિને ન્યાયોચીત જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

શાળાએ તા:-૦૪/૦૯/૨૦૨૫ના રોજ સુનાવણીમાં હાજર રહેવા નોટીસ કાઢવામાં આવેલ હતી. જેમાં શાળાના અધિકૃત વ્યક્તિ હાજર રહેલ છે. અને લેખીતમાં રીવ્યુ લેટ કરવા સંબંધે ખુલાસો કરેલ છે. શાળાના અધિકૃત વ્યક્તિએ સુનાવણી દરમિયાન લેખિત સંમતિ આપી પોતે વ્યાજબી પેનલ્ટી ભરવા સંમત છે. તેવો પત્ર આપેલ છે. સને ૨૦૨૪-૨૫ માટે સમયમર્યાદામાં રીવ્યુ અરજી નહીં કરવા સંબંધે સ્વૈચ્છાએ રૂ.૫,૦૦૦/- સરકારમાં જમા કરાવ્યા અંગેનું ચલણ અત્રેની કચેરીએ રજૂ કરેલ છે.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા
સત્યમેવ જયતે

**//હુ ક મ//**

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માંગણી | ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૧૨૦ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૯,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૧૧૮ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૯,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૧૧૬ | રૂા.૫૦,૪૦૦/- | રૂા.૪૯,૦૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | ૧૫૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | ૧૬૫ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | ૧૭૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | ૧૭૦ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | ૧૬૫ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | ૧૬૫ | રૂા.૫૪,૬૦૦/- | રૂા.૫૩,૦૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૭,૪૦૦/- | રૂા.૫૫,૮૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | ૧૪૯ | રૂા.૫૭,૪૦૦/- | રૂા.૫૫,૮૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | ૭૦ | રૂા.૫૭,૪૦૦/- | રૂા.૫૫,૮૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | ૬૨ | રૂા.૫૭,૪૦૦/- | રૂા.૫૫,૮૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | ૭૦ | રૂા.૬૩,૦૦૦/- | રૂા.૬૧,૦૦૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | ૭૧ | રૂા.૬૩,૦૦૦/- | રૂા.૬૧,૦૦૦/- |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસૂલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસૂલ કરી શકશે. વધુમાં કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના

માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાર્ટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૪) ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૨૪-૨૫ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૫) અરજદાર શાળા ફી નિયમન સમિતિના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસૂલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમ દ્વારા ફીમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાર્ટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૬) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૭) અરજદાર શાળા આ હુકમથી નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી ૨૧ દિવસમાં ફી રીવીઝન કમિટીને નીચેના સરનામે ફી રીવીઝન અરજી કરી શકશે.

અધ્યક્ષશ્રી,
ફી રીવીઝન કમિટી,
છઠ્ઠો માળ,બી વિંગ, બ્લોક-૧,
કર્મયોગી ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.

૮) ફી રીવીઝન કમિટી સમક્ષ રીવીઝન અરજી કરતા સમયે રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)પુરા પ્રોસેસ ફી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં નીચે જણાવ્યા મુજબના સદરે જમા કરાવી તેનું ચલણ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

<u>પ્રાથમિક શિક્ષણઃ-</u>

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) અન્ય પ્રાપ્તિ |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૧-૦૧ |

<u>માધ્યમિક શિક્ષણઃ-</u>

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |

| | |
|---|---|
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) શિક્ષણ અને અન્ય ફી |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૨-૦૧ |

૯) ફી રીવીઝન અરજી નિયંત નમૂનાના ફોર્મ-૫ માં જરૂરી આધાર-પુરાવાઓ સાથે ફાઇલને અનુક્રમ નંબર અને પાન નંબર આપી ૭ નકલમાં હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે.

૧૦) ફી રીવીઝન અરજીની એક શોફટ કોપી ફી રીવીઝન કમિટીના E-Mail Add:- frcgujarat.gov@gmail.com ઉપર મોકલી આપવાની રહેશે.

૧૧) ફી રીવીઝન કમિટી, ગાંધીનગર સિવાય અન્ય કોઇ સત્તાધિકારી/કચેરીએ કરેલ ફી સુધારણા અરજી માન્ય ગણાશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા:- ૧૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫.

સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૧૮/૦૯/૨૦૨૫ ના આદેશાનુંસાર

(એમ.આર.પાંડે)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, ભારતીય વિદ્યા ભવન્સ વલ્લભરામ મહેતા પબ્લીક સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), કુલપતિ કે.એમ. મુન્શી માર્ગ, તીન રસ્તા, મકરપુરા રોડ, જી.વડોદરા-૩૯૦૦૦૯.....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.